# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-04-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

--------------------------------------

**(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**હવે પછી સાંજે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.**

# JK VIRODH

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલાની ઘટનાનો વિવિધ જિલ્લામાં વિરોધ કરવામાં આવી રહ્યો છે. અરવલ્લીના વેપારીઓએ આજે બંધ પાળી વિરોધ દર્શાવ્યો છે. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

(VOICE CAST- ANKIT CHAUHAN)

સાબરકાંઠાના હિમ્મતનગર, પ્રાન્તિજ અને તલોદમાં આજે સજ્જડ બંધ પાળવામાં આવ્યું. ઈડર અને વડાલીમાં ગઈકાલે લોકોએ મીણબત્તી સાથે રેલી યોજી વિરોધ વ્યક્ત કર્યો હતો.

દરમિયાન મહીસાગરના વિરપુરમાં વેપારીઓએ ધંધા-રોજગાર બંધ રાખી વિરોધ દર્શાવ્યો. જ્યારે મુક્તેશ્વર મહાદેવ મંદિર ખાતે બે મિનિટનું મૌન રાખીને મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

મોરબીમાં પણ વેપારી મહામંડળ સહિતના સંગઠનોએ આજે બંધની જાહેરાત કરતાં પરાબજાર, તખ્તસિંહજી રોડ, સોની બજાર, ગ્રીન ચોક, રવાપર રોડ સહિતના વિસ્તારોમાં મોટા ભાગની દુકાનો બંધ રહી હતી. વેપારીઓ સ્વયંભૂ પોતાની દુકાનો બંધ રાખી વિરોધમાં જોડાયા હતા.

તો, પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર દ્વારા મૃતકોની આત્માની શાન્તિ માટેનો સંકલ્પ લઈ પૂજા સામગ્રી સોમનાથ દાદાને અર્પણ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . .

# HAVAMAN

રાજ્યમાં આગામી ત્રણ દિવસ બાદ મહત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધારો થવાની આગાહી છે. હવામાન વિભાગે જણાવ્યું કે, આ ત્રણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં મોટો કોઈ ફેરફાર નહીં થાય. જ્યારે રાજ્યના કેટલાક ભાગ અને સૌરાષ્ટ્ર-કચ્છમાં આગામી સાત દિવસ મહત્તમ તાપમાન 40થી 44 ડિગ્રી સેલ્સિયસ સુધી રહી શકે છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ગત 24 કલાકમાં સૌથી વધુ 43 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના ભુજમાં નોંધાયું છે. જ્યારે અમદાવાદ, અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી તો, કંડલા હવાઈમથક, અને ડીસામાં મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે. આ સિવાયના જિલ્લાઓ અને શહેરોમાં તાપમાન 41 ડિગ્રી અને તેનાથી ઓછું નોંધાયું હતું.

. . . . . . . . . . . .

# MAHISAGAR VACCINE VAN

**શિક્ષણ મંત્રી ડૉક્ટર કુબેર ડિંડોરે આજે મહીસાગરમાં પ્રાણીઓ માટેની રસીની વાનનું લોકાર્પણ કર્યું. મધ્ય ગુજરાત વીજ કંપનીના સંસ્થાપિત સામાજીક જવાબદારી- C.S..R ભંડોળમાંથી 20 લાખ રૂપિયાની કિંમતની આ વાન પશુપાલન વિભાગને આપવામાં આવી છે. આ વાન થકી જિલ્લાના છ તાલુકાના અંદાજે સાત લાખ પશુઓને વિવિધ પ્રકારની**

બીમારી સામે રક્ષણ આપવામાં મદદરૂપ થશે. આ અંગે શ્રી ડિંડોરે વધુ માહિતી આપી.

**(બાઈટઃ ડૉ. કુબેર ડિંડોર, શિક્ષણ મંત્રી)**

. . . . . . . . . . . .

# ODISHA TEAM IN MEHSANA

ઓડિશા રાજ્યના જિલ્લા શિક્ષણ અધિકારી સહિત છ અધિકારીની ટુકડીએ આજે મહેસાણા જિલ્લાની મુલાકાત લીધી. દરમિયાન તમામ અધિકારીઓએ વડનગરની પ્રેરણા શાળા, ખેરાલુની વિઠોડા શાળા અને વિજાપુરની શાળાની મુલાકાત લઈ શૈક્ષણિક પ્રવૃત્તિઓ નિહાળી હતી. આ શાળાઓમાં શિખવવામાં આવતા પ્રેરણાદાયી નવતર વિચાર લઈ જઈશું તેમ ઓડિશા રાજ્યના જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડૉક્ટર રમા કાન્તે જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત ગુજરાત અને ઓડિશા વચ્ચે થયેલા સમજૂતી કરાર – એમઓયુ હેઠળ આ મુલાકાત યોજાઇ હતી.

. . . . . . . . . . . .

# Panchmahal Haj Vaccination

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં 2025 ની હજીયાત્રા માટે 1200 થી વધુ હજયાત્રીઓની પસંદગી થઈ છે. સાઉદી અરેબિયાની સરકાર દ્વારા  ચેપી રોગ સામે શક્તિ વધારવા કેટલીક રસીઓ લેવાનું ફરજિયાત કર્યું હોવાથી ગુજરાત રાજ્ય હજ કમિટી દ્વારા ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે યાત્રીઓને રસી મૂકવામાં આવી હતી.

ત્રણ દિવસમાં જિલ્લાના 1 હજાર 130 હજયાત્રીઓએ રસી મૂકાવી હતી.

. . . . . . . . . . . .